सत्यमेव जयते

**સુરતના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની કોર્ટમાં, મુ. સુરત**

**ફોજદારી કેસ નંબર– ૧૮૯૧/૨૦૨૬**

**આંક–**

**::નમૂના – અ::**

| **મે.સુરત ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે) સાહેબની કોર્ટ સમક્ષ, મુ.સુરત** | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૫–૦૫–૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૧૮૯૧/૨૦૨૬ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ઈ.પી.કો કલમ–૩૦૩(૨), ૩૧૩, ૫૪ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૦૭–૦૧–૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | સુરત રેલ્વે પો.સ્ટે.સુરત |
| ફરિયાદ પક્ષ | શ્રી નાઝીમ સ/ઓફ નિશાર શેખ |
| રજુઆત | વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી માર્ટીન પરમાર |
| આરોપી પક્ષ | **૧)ક્રિષ્ણા સ/ઓફ સન્નુભાઈ ભાભોર,**<br>ઉ.વ.૨૭, ધંધો : મજુરી,<br>રહે.: ગામ ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ<br>પીનકોડ ૩૮૯૧૫૧.<br>**૨)સબુબેન વા/ઓ નરેશભાઈ ભાભોર,**<br>ઉ.વ.૫૩, ધંધો : મજુરી,<br>રહે.: ગોદી રોડ નાકુ, સિંગલ ફળીયું, દાહોદ, મુળ<br>રહે.ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ, પીનકોડ<br>૩૮૯૧૫૧.<br>**૩)રાધા ડી/ઓ નરેશભાઈ ભાભોર,**<br>ઉ.વ.૧૯, ધંધો : મજુરી,<br>રહે.: ગોદી રોડ નાકુ, સિંગલ ફળીયું, દાહોદ, મુળ<br>રહે.ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ, પીનકોડ |

| | |
|---|---|
| | ૩૮૯૧૫૧.<br>**૪)મનીબેન વા/ઓ સન્નુભાઇ ભાભોર,**<br>ઉ.વ.૫૬, ધંધો : મજુરી,<br>રહે.: ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ,<br>પીનકોડ ૩૮૯૧૫૧. |
| આરોપી પક્ષ ની રજુઆત | વિ.વ.શ્રી એ.જી.પટેલ |

**::નમૂના – બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૭–૦૧–૨૦૨૬ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૦૭–૦૧–૨૦૨૬ |
| આખરી માહિતી અહેવાલની તારીખ | ૧૧–૦૩–૨૦૨૬ |
| તહોમતનામાની તારીખ | – |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૩૦–૦૩–૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૭–૦૪–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૫–૦૫–૨૦૨૬ |
| સજા હુકમ જો લાગુ પડે તો | –– |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા ? / કે સજા કરી ? | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો જો કોઈ હોય તો સંહીતાની કલમ ૪૨૮ |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | મુજબ |
| ૧ | **ક્રિષ્ણા સ/ઓફ સન્નુભાઇ ભાભોર,** ઉ.વ.૨૭, ધંધો : મજુરી, રહે.: ગામ ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ પીનકોડ ૩૮૯૧૫૧. | ૨૯/૦૧/૨૦૨૬ | ૦૬/૦૨/૨૦૨૬ | ઈ.પી.કો કલમ ૩૦૩(૨), ૩૧૩,૫૪ મુજબ | શંકાનો લાભ | – | – |
| ૨ | **સબુબેન વા/ઓ નરેશભાઇ ભાભોર,** ઉ.વ.૫૩, ધંધો : મજુરી, રહે.: ગોદી રોડ નાકુ, સિંગલ ફળીયું, દાહોદ, મુળ રહે.ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ, પીનકોડ ૩૮૯૧૫૧.૨૯/૦૧/૨૦૨૬ | ૨૯/૦૧/૨૦૨૬ | ૦૨/૦૨/૨૦૨૬ | ઈ.પી.કો કલમ ૩૦૩(૨), ૩૧૩,૫૪ મુજબ | શંકાનો લાભ | – | – |
| ૩ | **રાધા ડી/ઓ નરેશભાઇ ભાભોર,** ઉ.વ.૧૯, ધંધો : મજુરી, રહે.: ગોદી રોડ નાકુ, સિંગલ ફળીયું, દાહોદ, મુળ રહે.ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ, પીનકોડ ૩૮૯૧૫૧. | ૨૯/૦૧/૨૦૨૬ | ૦૨/૦૨/૨૦૨૬ | ઈ.પી.કો કલમ ૩૦૩(૨), ૩૧૩,૫૪ મુજબ | શંકાનો લાભ | – | – |
| ૪ | **મનીબેન વા/ઓ સન્નુભાઇ ભાભોર,** ઉ.વ.૫૬, ધંધો : મજુરી, રહે.: ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ, પીનકોડ ૩૮૯૧૫૧. | ૦૨/૦૨/૨૦૨૬ | ૦૨/૦૨/૨૦૨૬ | ઈ.પી.કો કલમ ૩૦૩(૨), ૩૧૩,૫૪ મુજબ | શંકાનો લાભ | – | – |

**:: નમુનો ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલય ના સાક્ષી ની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| **અનુ.નં.** | **સાહેદનું નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| | | | |

| | | | |
|---|---|---|---|
| ફ.સ.૧ | નાઝીમ નિશાર શેખ | ૫ | ફરિયાદી |

**બ) બચાવ પક્ષ**

| અનુ નં | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૧ | – | – |

**ક) ન્યાયાલય**

| અનુ નં | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૧ | – | – |

નોંધ :– ઉપરોકત સાક્ષીના પુરાવા ના પ્રકાર માં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે, નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવુ )

**ફરીયાદી / બચાવ / ન્યાયાલના આંકની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| અનુ નં. | આંક સખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક ફ – ૬ | ફરિયાદ |
| ૨ | આંક ફ – ૭ | કલોઝીંગ પુરસીસ |

**બ) બચાવ પક્ષ**

| અનુ નં | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક બ –૧/બ.સ.૧ | – |
| ૨ | આંક બ –૨/બ.સ.૨ | – |

**ક) ન્યાયાલય આંક**

| અનુ નં | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | આંક ન્યા–૧/ન્યા.સ.૧ | – |
| ૨ | આંક ન્યા–૨/ન્યા.સ.૨ | – |

**ડ.ભૌતિક પદાર્થ :–**

| **અનુ નં** | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ભૌ ૫–૧ | – |
| ૨ | ભૌ ૫–૨ | – |

**–:: ઠરાવ ::–**

(૧) **<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–</u>**

આ કામના કામના ફરિયાદી તા.૦૭/૦૧/૨૦૨૬ ના કલાક.૦૯/૩૫ વાગ્યાની આસપાસ સુરત રેલ્વે સ્ટેશન પ્લે નં.૨ ઉપર આવેલ ટ્રેન નં.૨૦૪૯૫ જોધપુર–હડપસર એકસ ટ્રેનના પાછળના જનરલ ડબ્બામાં ચઢતી વખતે આ કામના ફરિયાદીશ્રીના પત્નિના ખભામાં લટકાવેલ લેડિઝ પર્સની ચેઈન ખોલી જેની અંદર રહેલ, એક સફેદ કલરનું નાનુ ચેઈન વાળુ પર્સ જેમાં એક ૧૮ કેરેટનો સોનાનો હાર જેનું વજન ૨૯ ગ્રામ જેની કિંમત રૂા.૧,૯૧,૦૦૦/– ૨)એક ૨૨ કેરેટનો સોનાનો હાર જેનું વજન ૧૭ ગ્રામ જેની કિ.રૂા.૨૯,૦૦૦/–, ૩)એક ૧૮ કેરેટનો સોનાનો હાર જેનું વજન ૧૦ ગ્રામ જેની કિ.રૂા.૩૮,૦૦૦/– નો મળી કુલ કિ.રૂા.૨,૫૮,૦૦૦/– ના મુદદામાલની આ કામના આરપીઓએ ચોરી કરી લઇ જઇ ગુનો કરી ઈ.પી.કો કલમ ૩૦૩(૨), ૩૧૩, ૫૪ મુજબનો ગુનો કરેલ હોય આ અંગે આરોપીઓ સામે સુરત જી.આર.પી. પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૦૦૩૨/૨૦૨૬ થી નોંધી, તપાસ કરતા પુરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) **<u>કોર્ટ કાર્યવાહી :–</u>**

આ કામના આરોપીને ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા – ૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીનુ તહોમતનામુ તથા આરોપીની પ્લી નોંધવામાં આવેલ નથી.

**(૩) <u>આરોપીનુ વિશેષ નીવેદન :–</u>**

(૪)<u>**દલીલો :–**</u>

(અ) ***<u>ફરીયાદપક્ષની દલીલ :–</u>***

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની દલીલ સાંભળી તેમની દલીલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદીની અલગ અલગ એવા ત્રણ સોનાના હારની ચોરી કરેલ છે અને સાહેદની જુબાની વંચાણે લેવામાં આવે તો ફરીયાદ પક્ષ તેમનો કેસ નીશંક પણે પુરવાર કરેલ હોય આરોપીને દોષીત ઠરાવવા અરજ ગુજારેલ છે.

(બ) **બચાવ પક્ષની દલીલ :–**

આ કામે આરોપી તર્ફે વિ વ શ્રી ની દલીલ છે કે આ કામના સાહેદોની જુબાની જોવામાં આવે તો કેવી રીતે કે કોણે ચોરી કરેલ છે તેની તેમને ખબર નથી અને ફરીયાદ પક્ષ હાલના જ આરોપીએ ચોરી કરેલ છે તેમ સાબીત કરી શકેલ નહી હોય ફરીયાદ પક્ષ નીશંક પણે કેસ સાબીત કરી શકેલ નહી હોય આરોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા ની અરજ કરેલ છે.

(૫) ઉપરોકત હકીકતો તથા દલીલો ધ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના કામના ફરિયાદી તા.૦૭/૦૧/૨૦૨૬ ના કલાક.૦૯/૩૫ વાગ્યાની આસપાસ સુરત રેલ્વે સ્ટેશન પ્લે નં.૨ ઉપર આવેલ ટ્રેન નં.૨૦૪૯૫ જોધપુર–હડપસર એકસ ટ્રેનના પાછળના જનરલ ડબ્બામાં ચઢતી વખતે આ કામના ફરિયાદીશ્રીના પત્નિના ખભામાં લટકાવેલ લેડિઝ પર્સની ચેઇન ખોલી જેની અંદર રહેલ, એક સફેદ કલરનું નાનુ ચેઇન વાળુ પર્સ જેમાં એક ૧૮ કેરેટનો સોનાનો હાર જેનું વજન ૨૯ ગ્રામ જેની કિંમત રૂા.૧,૯૧,૦૦૦/– ૨)એક ૨૨ કેરેટનો સોનાનો હાર જેનું વજન ૧૭ ગ્રામ જેની કિ.રૂા.૨૯,૦૦૦/–, ૩)એક ૧૮ કેરેટનો સોનાનો હાર જેનું વજન ૧૦ ગ્રામ જેની કિ.રૂા.૩૮,૦૦૦/– નો મળી કુલ કિ.રૂા.૨,૫૮,૦૦૦/– ના મુદદામાલની આ કામના આરપીઓએ ચોરી કરી લઇ જઇ ગુનો કરી ઈ.પી.કો કલમ ૩૦૩(૨), ૩૧૩, |

| | |
|---|---|
| | પ૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદાનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) '' નકારમાં ''

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે

**-:: પુરાવાનુ મુલ્યાંકન ::-**

**(૮) મુદા નં.-૧ ની ચર્ચા :-**

આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી સ્વરૂપનો હોય ફોજદારી ન્યાયશાસ્ત્ર અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ અનુસાર આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના સીરે રહેલો છે. ક્રિમિનલ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ મુજબ ફરીયાદીપક્ષે આરોપીસામે મુકવામાં આવેલ ત્હોમત ''બીયોન્ડ રીઝનેબલ ડાઉટ'' યોગ્ય અને નિ:શંક પુરાવો રજૂ કરીને પુરવાર કરવાનું હોય છે કે, આરોપી દોષિત છે અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે. આરોપી નિર્દોષ છે તેવું આરોપીએ પુરવાર કરવાનું હોતું નથી. એમ કહી શકાય કે ફોજદારી કેસમાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠેરવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલુ રહેવાનું હોય છે અને નામ. કોર્ટ ધ્વારા બાદમાં આવેલા અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય પુરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષ મુકત અગર બેનિફિટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે

**(૦૯) <u>કાયદાની જોગવાઈઓ</u> :-**

(૮.૧)BNS –303(2):–**Theft**

**states that whoever commits theft shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both and in case of second or subsequent conviction of any person under this section, he shall be punished with rigorous imprisonment for a term which shall not be less than one year but which may extend to five years and with fine**.

This subsection further has aproviso clausewhich states that:

In cases of theft where the value of the stolen property is less than five thousand rupees, and a person is convicted for the first time, shall upon return of the value of property or restoration of the stolen property, shall be punished with community service.

**Theft and Snatching**

(1) Theft is snatching if, in order to commit theft, the offender suddenly or quickly or forcibly seizes or secures or grabs or takes away from any person or from his possession any movable property.

(2) Whoever commits snatching, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, and shall also be liable to fine.

**(૯.૨) બી.એન.એસ કલમ ૩૧૩ :–ચોરી અથવા લૂંટ**

આ બી.એન.એસ કલમ ૩૧૩ આઈ.પી.સી. ૪૦૧ જેવી જ છે. તે લૂંટારાઓ અથવા ચોરીની ટોળકીમાં સભ્ય હોવા બદલ સજાની જોગવાઈ કરે છે. આ કલમ હેઠળ ૭ વર્ષ સુધીની સખત કેદ અને દંડ ની સજા થઈ શકે છે.

**(૯.૩)બી.એન.એસ.કલમ ૫૪ :–**

આ કલમ હેઠળ જો કોઈ વ્યકિતએ ગુનાનુ કાવતરુ રચ્યુ હોય અથવા મદદ કરી હોય અને તે ગુના સમયે ત્યાં હાજર હોય, તો કાયદો તેને મુખ્ય ગુનેગાર માને છે.

(૧૦) ઉપરોકત કલમો અન્વયે હાલના કેસમાં જોવામાં આવે તો, આ કેસમાં ફરીયાદીનો એવો આરોપ છે કે, આ કામના આરોપીએ આ કામના ફરીયાદીના પત્નિના પર્સમાં રહેલ સોનાના હારની ચોરી કરેલ છે અને વગર બિલે તેનો ઉપયોગ કરેલ છે.

(૧૧)ફરિયાદી સાહેદ નં.૧ નાઝીમ નિશાર શેખ ને આંક–૫ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે તેઓ આ કામના ફરિયાદી છે. તેઓ તેની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે તા..૦૧/૦૧/૨૦૨૬ ના રોજ તેઓ તેના પરિવારની ટીકીટ ટ્રેન નં.૨૦૪૮૫ જોધપુર હડપસર એકસપ્રેસ ના કોચ નં.એસ–૦૭ ની સીટ નં.૫૮ તથા અન્ય હતી અને એક ટીકીટ એસ.–૦૫ માં હતી. અને અમુક ટીકિટો નહી હોય તેઓની પત્નીને જનરલ કોચમાં બેસાડયા બાદ તેઓની દિકરીએ જણાવેલ કે તેની પત્નીના લેડીઝ પર્સની ચેઈન ખુલી છે તથા તેઓની પત્નીએ આ પર્સ ચેક કરતા તેમાં એક સફેદ કલરનું નાનુ પર્સ જોવા મળેલ નહી જેમાં ૧૮ કેરેટનો સોનાનો હાર જેનું વજન ૨૯ ગ્રામ જેની કિંમત રૂા.૧,૯૧,૦૦૦/–તથા એક ૧ ૮ કેરેટનો સોનાનો હાર જેનું વજન ૧૭ ગ્રામ કિ.રૂા.૨૯,૦૦૦/–તથા એક ૧૮ કેરેટનો સોનાનો હાર જેનું વજન ૧૦ ગ્રામ કિ.રૂા.૩૯,૦૦૦ નો નહી જણાતા આમતેમ શોધવા છતાં પણ જણાઈ આવેલ નહી જેની તેઓની પત્નીનાસોનાના દાગીના વાળું પર્સ જેની કુલ કિ.રૂા.૨,૫૮,૦૦૦/– વાળા દાગીના કોઈ ચોરી કરી ગયેલ હતું જેની તેઓએ ફરિયાદ આપેલ જે આંક–૬ થી રજુ કરેલ છે. ત્યારબાદ તેઓને પોલીસે ફોન કરીને જણાવેલ કે તમાર ઘરેણાનો ચોર મળી ગયેલ છે જેને કોર્ટમાંથી છોડાવી જજો. જેથી તેઓને સમન્સ કાઢતા તેઓ જુબાની આપવા માટે ગયેલ. ત્યારબાદ તેઓ તેની ઉલટતપાસમાં જણાવે છે કે બનાવ વખતે ચોરી કોણે કરેલી તે નજરે જોયેલ નથી અને પોલીસે તેઓની પાસે કયારેય પણ ઘરેણા ઓળખ કરાવવા માટે બોલાવેલ નહી.

(૧૨) હાલના કામે બંને સાહેદોની જુબાની જોવામાં આવે તો આ કામના આરોપીઓએ જ તેમના ફરિયાદીના પર્સમાં રહેલ સોનાના હારની ચોરી કરી હોય તેવો કોઈ સમર્થન કારી પુરાવો આપેલ નથી વધુમાં આરોપી પાસેથી કોઈ મુદામાલ મળી આવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. ફરીયાદપક્ષ આ કેસ મુદામાલ સોનાના હાર આરોપીના કબજા માંથી મળી આવેલ નથી તથા ફરીયાદ પક્ષ તે હકીકત પણ સાબીત કરેલ નથી કે ચોરી થયેલ મીલ્કત હાલના ફરીયાદીના કબજામાં હતી અને તે મીલકતને આરોપી ધ્વારા ખસેડવામાં આવેલ છે તેવી હકીકત પણ ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ નહી હોય આરોપીએ જ આ ચોરી કરેલ તેવું સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ હોય તમામ ચર્ચાના

અંતે  મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

***–:: હુ ક મ ::–***

આ કામના આરોપી **૧)ક્રિષ્ણા સ/ઓફ સન્નુભાઇ ભાભોર,** ઉ.વ.૨૭, ધંધો : મજુરી, રહે.: ગામ ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ પીનકોડ ૩૮૯૧૫૧,**૨)સબુબેન વા/ઓ નરેશભાઇ ભાભોર,** ઉ.વ.૫૩, ધંધો : મજુરી, રહે.: ગોદી રોડ નાકુ, સિંગલ ફળીયું, દાહોદ, મુળ રહે.ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ, પીનકોડ ૩૮૯૧૫૧, **૩)રાધા ડી/ઓ નરેશભાઇ ભાભોર,** ઉ.વ.૧૯, ધંધો : મજુરી, રહે.: ગોદી રોડ નાકુ, સિંગલ ફળીયું, દાહોદ, મુળ રહે.ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ, પીનકોડ ૩૮૯૧૫૧, **૪)મનીબેન વા/ઓ સન્નુભાઇ ભાભોર,** ઉ.વ.૫૬, ધંધો : મજુરી,રહે.: ભાભોર ફળીયું, મોટી ખરજ, તા.જિ.દાહોદ, પીનકોડ ૩૮૯૧૫૧ નાઓને બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૧ મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨),૩૧૩ અને ૫૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ  કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલની માલીકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી રાખવામાં આવે છે.

આ કામનાં આરોપીનાં ખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

બી. એન. એસ. એસ.ની કલમ–૪૮૧ મુજબ રુ.૫૦૦૦/–ના આ હુકમની તારીખથી છ માસ સુધીના રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૫ મી મે ૨૦૨૬  ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૫/૦૫/૨૦૨૬<br>સુરત

(પંકજ રાઠોડ )<br>જ્યુડીશ્યલ  મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે),<br>સુરત<br>(જી.જે.૦૧૪૬૮)